# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-10-2024** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. વિકાસ સપ્તાહની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત ટેક્સટાઇલ નીતિ 2024ની જાહેરાત કરી
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહ્યું, લોથલ ખાતે નેશનલ મેરિટાઇમ હેરિટેજ કૉમ્પલેક્સની સ્થાપનાથી સંસ્કૃતિ અને પ્રવાસનની નવી તકો ઉભી થશે
3. બનાસકાંઠાની ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠક માટે 13 નવેમ્બરે પેટાચૂંટણી યોજાશે.
4. ચોમાસું વરસાદને પગલે સરદાર સરોવર ડેમમાં 99 ટકા, જ્યારે અન્ય 207 જળાશયોમાં 96 ટકાથી વધુ પાણીનો સંગ્રહ
5. રાજ્યમાં આગામી ચારથી પાંચ દિવસમાં તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો, જ્યારે કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા....

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## Textile Policy

વિકાસ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે રાજ્ય સરકારે ગુજરાત ટેક્ષ્ટાઈલ પોલિસી 2024 જાહેર કરી છે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત ઉદ્યોગ સાહસિકતા દિવસ અવસરે ટેક્સટાઇલ પોલિસી જાહેર કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં અત્યાર સુધીની ટેકસટાઇલ પોલિસીને કારણે કુલ પાંચ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થયું છે. ગુજરાતમાં 40 ટકા ટેક્સટાઇલનું ઉત્પાદન માનવ ઉત્પાદિત કાપડમાંથી થાય છે. ટેકનિકલ ટેક્સટાઇલનાં ઉત્પાદનમાં ગુજરાત 25 ટકા ફાળો આપે છે. રાજ્યનાં ટેક્સટાઇલ ક્ષેત્રનાં વિકાસ અંગે મુખ્યમંત્રીએ વધુમાં આ મુજબ જણાવ્યું.

(BYTE CM Bhupendra patel)

આ ઉપરાંત, GIDCના 564 કરોડ રૂપિયાનાં ખર્ચે વિવિધ વિકાસ કામોના ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા. આ વિવિધ વિકાસ કામો પૈકી 418 કરોડ રૂપિયાના ખર્ચે ઈ-ખાતમુહૂર્ત તેમજ 146 કરોડ રૂપિયાના ખર્ચે ઈ-લોકાર્પણના કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ અંતર્ગત 5,500 યુનિટને 1,000 કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

-------------------

## Fit India-Fit Media CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પત્રકારત્વ લોકશાહીનો ચોથો સ્તંભ છે. પત્રકારત્વનો ધર્મ સમાજને જાગૃત કરવાનો છે. પત્રકારો સ્વસ્થ-તંદુરસ્ત હશે તો પત્રકારિતા દ્વારા સમાજને જાગૃત રાખવાનું કામ સારી રીતે કરી શકશે.

પત્રકારોની આરોગ્ય તપાસ માટેના રાજ્યવ્યાપી પ્રોગ્રામ 'ફિટ ઇન્ડિયા - ફીટ મીડિયા' ના અમદાવાદમાં શુભારંભ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, જનતાનો અવાજ બનતા પત્રકારો સતત પરિશ્રમ કરતા હોય છે ત્યારે, તેમની સ્વાસ્થ્ય સુરક્ષા પણ એટલી જ અગત્યની છે.

વિકાસ સપ્તાહ અંતર્ગત ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કહ્યું કે "પહેલું સુખ તે જાતે નર્યા" એ આપણી કાર્ય સંસ્કૃતિ છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીઆ પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રોમાં મળતી જેનરીક દવાઓની ઉપયોગીતા સમજાવી હતી. પ્રચાર માધ્યમોના સહકારથી જન ઔષધી કેન્દ્રમાં મળતી દવાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તેવી અપીલ તેમણે કરી હતી.

.................

## PM- MARITIME HERITAGE COMPLEX

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ગુજરાતમાં લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પલેક્સની સ્થાપનાથી સંસ્કૃતિ અને પ્રવાસનની ક્ષેત્રમાં નવી તકો ઊભી કરશે.

સોશિયલ મિડીયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું છે કે, કેન્દ્રીય મંત્રીમંડળે લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પલેક્સ વિકસાવવાનો રસપ્રદ નિર્ણય લીધો છે. તેમણે ઉમેર્યું કે, ભારત સંસ્કૃતિ અને પર્યટન ક્ષેત્રમાં વધુ ભાગીદારોને આમંત્રિત કર્યા છે. શ્રી મોદીએ પ્રવાસન ક્ષેત્રનાં વ્યાવસાયિકોને પ્રવાસન ક્ષેત્રમાં નવી તકો ચકાસવા અને તેમનાં વિચારો રજૂ કરવા અનુરોધ કર્યો છે.

-----------------------------------

## VIKASH SAPTAH OVER ALL

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે જિલ્લા સ્તરે વિવિધ કાર્યક્રમો યોજાયા છે.

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત 'વંચિતો વિકાસની વાટે' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે તથા રાજ્ય મંત્રી ભીખુસિંહજી પરમારની વિશેષ ઉપસ્થિતિમાં, રાજ્યભરના અંદાજિત ૪ હજાર ૯૦૦થી પણ વધુ લાભાર્થીઓને અંદાજે ૬૮ કરોડથી વધુની લોન-સહાયનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજપીપળા ખાતે અન્ન અને નાગરિક પુરવઠા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી ભિખુસિંહ પરમારની અધ્યક્ષતામાં 40 કરોડ 30 લાખ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ – ખાતમૂહુર્ત કરાયું. આ પ્રસંગે ભરૂચના સાંસદ મનસુખ વસાવા પણ ઉપસ્થિત રહ્યા હતા.

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે વિકાસ પદયાત્રાનું આયોજન કરાયું હતું. નાંદોદના ધારાસભ્ય ડો.દર્શના દેશમુખે આ

પ્રસંગે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ ગુજરાતમાંથી વિકાસ ગાથાની શરૂઆત કરતા આર્થિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે સૌનો વિકાસ કર્યો છે.

(બાઇટ – ડો.દર્શનાબેન દેશમુખ)

વિકાસ સપ્તાહ સમાપન દિવસે બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓ અને ડીસા તથા પાલનપુર શહેરના કુલ મળીને ૨ હજાર ૨૪ કેન્દ્રો ખાતે પ્રાથમિક શાળાના બાળકો માટે તિથિ ભોજનનું આયોજન કરાયું હતું. જિલ્લામાં કુલ ૩ લાખ ૩૪ હજારથી વધુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તિથિ ભોજનનો લાભ લીધો હતો.

...2.. VIKAS SAPTAH...ALL

દાહોદ જિલ્લાના ઢઢેલા ખાતે આવેલ કાચલા મંદિર ખાતે જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર યોજાઈ હતી. જેમાં લીમખેડાની પશુપાલન શાળા દ્વારા પશુપાલકોને ખાણ-દાણ સહાય, ચાપકટર, બકરા યુનિટ, શુદ્ધ સંવર્ધન દ્વારા કૃત્રિમ બીજદાન સહિતની યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી.

મોરબીમાં મણિમંદિરથી જિલ્લા કલેક્ટર કચેરી સુધીની વિકાસ પદયાત્રા તેમજ હેરિટેજ વૉકનું આયોજન કરાયું હતું.

તાપીના સોનગઢ નગરપાલિકા દ્વારા જાહેર સ્થળોની દિવાલો ઉપર ચિત્રો બનાવીને વિકાસ સપ્તાહની ઉજવણી કરાઈ.

તો કચ્છના માંડવી ખાતે વિકાસ પદયાત્રા યોજાઈ હતી, જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને શહેરીજનો જોડાયા હતા.

આણંદ જિલ્લામાં વિકાસ સપ્તાહ પ્રસંગે કરમસદથી સરદાર પટેલના નિવાસસ્થાન સુધી વિકાસ પદયાત્રા યોજાઈ હતી.

-------------------

# WAVE ASSEMBLY ELECTION

કેન્દ્રીય ચૂંટણીપંચે વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની તારીખો જાહેર કરી છે. જે અનુસાર 13 નવેમ્બરના રોજ આ બેઠક માટે મતદાન થશે અને 23 નવેમ્બરના રોજ પરિણામો જાહેર થશે. 18 ઓક્ટોબરના રોજ ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થશે, જ્યારે 25 ઑક્ટોબર સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.

આપને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીમાં ગેનીબહેન ઠાકોર ચૂંટાઈ આવતા તેમણે વાવ વિધાનસભા બેઠક પરથી રાજીનામું આપતા આ બેઠક ખાલી પડી હતી.

---------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

# એક અગત્યની જાહેરાત

આકાશવાણી, અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં 23 વર્ષનાં સફળ વહીવટી કાર્યકાળ અંગે આકાશવાણી અમદાવાદના સમાચાર વાચક અનિલ પટેલે વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક અજય ઉમટની લીધેલી મુલાકાત રજૂ કરવામાં આવશે. કાર્યક્રમનું પ્રસારણ આવતી કાલે રાત્રે 9-15 કલાકે 846 KHW અને 96.7 FM પર કરવામાં આવશે, જેની તમામ શ્રોતાઓએ નોંધ લેવી....

અગત્યની જાહેરાત પૂરી થઈ...

-------------------

## TAPI MAHILA KISAN DIVAS

તાપીના વ્યારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે તાપી મહિલા કિસાન દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કૃષિ ક્ષેત્રેન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલાઓનું બહુમાન કરવામાં આવ્યું. સાથે જ ઉપસ્થિત મહિલા ખેડૂતો માટે કૃષિ શિબિરનું આયોજન પણ કરાયું હતું. જેમાં ગ્રામિણ મહિલાઓને અત્યાધુનિક ખેતી માટે પ્રોત્સાહિત કરવામાં આવી.

(બાઈટ-અંજના ગામીત, મહિલા ખેડૂત, વ્યારા)

---------

# WEATHER - RAIN

રાજ્યના અનેક ભાગોમાં વરસાદી માહોલ સર્જાયો છે. ગત 24 કલાકમાં સોરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અંતરિયાળ ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસ્યો છે. આ તરફ મધ્ય ગુજરાત સહિત અનેક જિલ્લાઓમાં આગામી ચારથી પાંચ દિવસમાં તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

આજે વહેલી સવારથી દમણ સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસ્યો હતો.

તો બનાસકાંઠા જિલ્લાના થરાદ, લાખણી, ડીસા સહિતના વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ વરસ્યો હતો. જેથી ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.

કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે રાપરમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાયા હતા.

દરમિયાન હવામન વિભાગે કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ અનુસાર ઉત્તર ગુજરાતમાં દાહોદના કેટલાક ભાગોમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ તેમજ દાદરા અને નગર હવેલીમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, કચ્છ તેમજ દિવના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદની આગાહી છે.

-----------------------------------

# State reservoir level

ચોમાસામાં સારા વરસાદના પરિણામે રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૯૫ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જ્યારે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં કુલ સંગ્રહ શક્તિના ૯૯ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. આમ રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૯૬.૭૫ ટકા જળસંગ્રહ થયો છે, તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે.

આજે સવારે ૮ વાગ્યાના અહેવાલ મુજબ રાજ્યના ૧૩૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાયા છે. જ્યારે ૪૬ જળાશયો ૭૦થી ૧૦૦ ટકા, ૧૩ જળાશયો ૫૦થી ૭૦ ટકા, ૪ જળાશયો ૨૫થી ૫૦ ટકા અને ૪ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. આ ઉપરાંત દક્ષિણ અને મધ્ય ગુજરાતના કુલ ૩૦ જળાશયો ૧૦૦ ટકા જેટલા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયો ૯૪.૪૦ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૮૨.૯૮ ટકા તથા ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૭૪.૩૩ ટકા પાણીનો સંગ્રહ થયો છે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે આ સમયે રાજ્યમાં ૨૦૭ જળાશયોમાં ૯૫.૬૮ ટકા જ્યારે, આ વર્ષે ગઈ કાલની સ્થિતિએ રાજ્યમાં ૯૬.૮૨ ટકા જળસંગ્રહ નોંધાયો હતો.

.................